# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

~ વિશ્વા એસ. ગોસ્વામી (B.A. Sem.-06)
(યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી.)

**પરમ** આદરણીય વિરલ વિભૂતિ, માન-અપમાનમાં એકતા ધરાવનારા, યુવકોને પોતાનું હૃદય માનનારા, સ્વયં સમર્પિત સેવા કરનારા, 'ભગવાન સૌનું ભલું કરો' અને 'ભગવાન ભજી લેવા'નો મંત્ર આપનારા, અનુકરણીય, વંદનીય, પ્રશંસનીય બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને આપણાં સૌનાં વંદન !

**જન્મ-બાળપણ :** જગતમાં વિશ્વવંદનીય પૂજ્ય યોગીજી મહારાજ તરીકે પ્રતિષ્ઠિત થયેલા ઝીણાભાઈ ધારી ગામના દેવચંદભાઈ અને પુરીબાને ત્યાં સંવત ૧૯૪૮, વૈશાખ વદ બારશ અર્થાત્ ૨૩ મે ૧૮૯૨ના રોજ જન્મ્યા હતા. બાળપણમાં તેઓ તેજસ્વી મુખવાળા, રૂપાળા અને આકર્ષક હતા. તેમની માતા જ્યારે તેમને લઈ કામ પર જતાં ત્યારે ઝીણાભાઈ શ્રીકૃષ્ણની જેમ પોતાના જમણા પગનો અંગૂઠો ચૂસ્યા કરતા. બાળપણથી જ તેઓ આધ્યાત્મિકતામાં ખૂબ રસ ધરાવતા તેથી મંદિરનાં નિત્યદર્શન, દેવોની પૂજા, ધ્યાન કરવું જેવી પ્રવૃત્તિઓ કરતા. સમય જતાં તેઓ નીડર, સ્પષ્ટવક્તા, સમયનો સદુપયોગ કરનારા, નૈતિકતાથી કાર્ય પાર પાડનારા, આદર્શ વિદ્યાર્થી બને છે. મંદિરના પૂજારી અર્થાત્ મોહનકાકાના ખરાબ સ્વાસ્થ્ય અને ઉંમર વધવાના કારણે ઝીણાભાઈને મંદિર સંભાળવાની જવાબદારી પ્રાપ્ત થાય છે. ઝીણાભાઈ આ જવાબદારીનો સ્વીકાર કરી મંદિરની સાર-સંભાળ, દેવોને પ્રસાદ ધરવો, ફૂલોની માળા કરવી, બાળમિત્રોને બોલાવી સત્સંગ કરવો જેવી વિવિધ પ્રવૃત્તિઓ હોંશે હોંશે કરતા.



**યાત્રા-પ્રેરક પરિબળો :** ઝીણાભાઈએ ૭મા ધોરણનો અભ્યાસ પૂર્ણ કર્યો એવા સમયે જૂનાગઢથી સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીજી પોતાનું સંતમંડળ લઈને ધારી પધારે છે. ઝીણાભાઈ ખૂબ રાજી થાય છે અને સંતોની ભાવપૂર્વક સેવા કરે છે. તેમના નિઃસ્વાર્થ અને નિર્મળ સેવાભાવથી પ્રસન્ન થઈ કૃષ્ણચરણદાસ સ્વામીજી ઝીણાભાઈને પ્રશ્ન પૂછે છે, 'ઝીણા, સાધુ થઈશ ?' 'હા, સ્વામી સાધુ બનાવો તો વધુ સારું ! મારી એ જ ઈચ્છા છે' કહી, ઝીણાભાઈ પોતાની સંમતિ પ્રગટ કરે છે. ત્યારબાદ એક વર્ષ પછી માતા-પિતાના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરી જૂનાગઢમાં કૃષ્ણચરણદાસ સ્વામીજી પાસેથી પાર્ષદી દીક્ષા ગ્રહણ કરે છે. અહીં પણ તેઓ સેવાનું અને પુરુષાર્થનું નિરંતર કાર્ય કરતા.

'હરિના ભજનમાં એ તો હરખાય,
નિઃસ્વાર્થભાવે સૌનું ભલું કરી જાય.'

ઝીણાભાઈએ સ્વપ્નમાં ઘણીવાર જાગા ભક્તનાં દર્શન અને ઉપદેશોને ગ્રહણ કર્યાં હતાં. તેમનું શાસ્ત્રીજી મહારાજ સાથે પ્રથમ મિલન રાજકોટમાં કૃષ્ણજી અદાના ઘરે થાય છે. અને મનોમન શાસ્ત્રીજી મહારાજને પોતાના ગુરુ કરી લે છે.

ફરતાં ફરતાં યોગીજી મહારાજ સરધાર પાસેના હજડિયાળા ગામમાં આવી પહોંચે છે. બપોરનો સમય હતો એવા સમયે ગરાસિયા ભક્તો આવે છે. યોગીજી મહારાજ તેમને આવકાર આપવા માટે ઊભા થાય છે ત્યારે યોગીજી મહારાજના પગની ઊર્ધ્વરેખા જોઈ ગરાસિયા ભક્ત કહે છે, 'આપના પગમાં તો ઊર્ધ્વરેખા છે. ઊર્ધ્વરેખાવાળા પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય.'-આ સાંભળી યોગીજી મહારાજ પોતાના પગ ઢાંકી દે છે. અને કહે છે કે, 'ના, હું તો માત્ર સેવક છું.' કહી પોતાનો નિર્મળ દાસત્વભાવ દર્શાવે છે.

સંવત ૧૯૬૭ ચૈત્ર સુદ તેરશ અર્થાત્ ૧૧ એપ્રિલ ૧૯૧૧ના રોજ આચાર્ય શ્રીપતિપ્રસાદદાસજી મહારાજ સવારે વડતાલમાં ખૂબ ધામધૂમથી ત્યાગીની દીક્ષા આપી 'જ્ઞાનજીવનદાસજી'એવું નામ આપે છે. જૂનાગઢના સંતો-હરિભક્તો 'યોગી' અને 'કૃષ્ણચરણદાસ સ્વામી' 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા. ત્યારબાદ યોગીજી મહારાજ શાસ્ત્રીજી મહારાજની સેવામાં જોડાય છે.

**વ્યક્તિત્વ :** યોગીજી મહારાજ સાચા અર્થમાં તપસ્વી સાધક હતા. સાદગી અને સેવાપ્રિય. તેઓ હંમેશાં જાડાં વસ્ત્રો પહેરતાં. દિવસમાં એકવાર ભોજન લેતા અને દર ત્રણ દિવસે નિર્જળા ઉપવાસ કરતા. તેઓ સંયમશીલ પણ એવા જ હતા. અન્નકૂટ કે નવી રસોઈ હોય ત્યારે ઉપવાસ ગ્રહણ કરતા. તેમને બાળકો અને યુવાનો ખૂબ પ્રિય હતાં. તેઓ નાના-મોટા સૌને બોલાવતા, વાતો કરતા, આશીર્વાદ આપતા અને સર્વનું હિત ઈચ્છતા. તેમનું મોં હંમેશાં મલકતું, તેમનું પ્રિય ભજન 'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે...' હતું. તેઓ સ્વામિનારાયણ મહામંત્રનું અખંડ ભજન કરતા અને ભગવાન, સંતો ને ભક્તોની નિરંતર સેવામાં જ મગ્ન રહેતા. તેઓ માન-અપમાનમાં

એકતા ધરાવતા અને પોતાનું અપમાન ધીરજપૂર્વક સ્વીકારી લેતા કારણ કે 'ખમવું' એને તેઓ ક્ષમાગુણ કહેતા. પરોપકારની ભાવના ધરાવતા યોગીજી 'અપકારનો બદલો ઉપકારથી વાળવો' એવા ભાવથી જીવતા. યોગીજી મહારાજ પ્રેમની મૂર્તિ, નિર્માની સંત હતા.

યોગીજી મહારાજ અદ્વિતીય સેવાભાવ ધરાવતા. જ્યારે શાસ્ત્રીજી મહારાજ તેમને અક્ષરમંદિર, ગોંડલના મહંત બનાવે છે ત્યારે પણ અખંડ સેવા કરતા. તેઓ કહેતા કે, 'દાસના દાસ થવું એ સૌથી મોટી પદવી છે, મોટા સાહેબ થઈએ તો પણ સેવા કરવી, કારણ કે જ્ઞાન શીખી અને સેવા કરતા જાય તે વધતા જાય.'

ઉંમરમાં નાના હોવા છતાં યોગીજી મહારાજ એવા મહાન હતા. સવારમાં વહેલા ઊઠી નાહી-ધોઈ ત્રણસો રોટલા ઘડે. બધી રસોઈ પોતે કરે અને બધાને જમાડી-પીરસી અંતે જમે અને વાસણ અજવાળવાની સેવા કરે. મંદિરના બાંધકામમાં પણ મદદ કરતા અને મનમાં એક જ ભાવ રહેતો, 'દેવની સેવા ક્યાંથી મળે ?' યોગીજી મહારાજ નાનામાં નાની સેવા કરવામાં પણ પાછા પગ ના કરતા. તેઓ પોતાની જાત ઘસીને સેવાનું કાર્ય કરતા. આવા નિઃસંકોચપણે સેવા કરનારા સંતનું જીવન આજના જમાનામાં નમ્રતા અને કાર્યશીલતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

**<u>પ્રભુ અને ગુરુભક્તિ :</u>** એકવાર શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજને એકાદશીના સમૈયામાં મોકલે છે ત્યારે ભક્તોના આગ્રહને વશ થઈ યોગીજી મહારાજ શ્રીજી મહારાજને થાળ ધરે છે અને વિનંતી કરે છે ત્યારે શ્રીજી મહારાજ એ થાળ આરોગે છે. એ જોઈને સૌને ખાતરી થાય છે કે શ્રીજી મહારાજ યોગીજી મહારાજને વશ છે.

જ્યારે સારણગાંઠના લીધે યોગીજી મહારાજનું ઑપરેશન કરવામાં આવે છે ત્યારે ભાનમાં આવતાં સૌ પ્રથમ 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?' એવો પ્રશ્ન પૂછે છે જેમાં તેમનો અપરંપાર ગુરુમહિમા જોવા મળે છે.

જ્યારે શાસ્ત્રીજી મહારાજ આ પૃથ્વી પરથી વિદાય લે છે ત્યારે કહે છે, 'મારામાં અને યોગીમાં એકેય રોમનો ફેર નથી, હું તે યોગી અને યોગી તે હું છું.' ત્યારબાદ સૌને યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થાય છે અને યોગીજી મહારાજ સર્વ કાર્ય સંભાળે છે.

**<u>કાર્યો :</u>** યોગીજી મહારાજે સમાજ સુધારણાના ક્ષેત્રે પણ કાર્ય કર્યું હતું. તેમણે સત્સંગમંડળો અને પ્રાસાદિક સ્થાનોમાં રેલવે સ્ટેશનોની સ્થાપના કરી હતી. તેઓ યુવાનોને જ્ઞાન પ્રદાન કરતા. જેમાં તેઓ વ્યસનથી દૂર રહેવું, વડીલોનું, માતા-પિતાનું સન્માન કરવું અને પગે લાગવું. કપાળ પર તિલક કરવું વગેરે વાતો શીખવતા. તેઓ યુવાનો વિશે કહેતા કે, 'યુવકો મારું હૃદય છે.' તેઓ યુવકોનું પાલન-પોષણ-ઘડતર ખૂબ ચીવટપૂર્વક કરતા. જ્યારે યુવાનો છૂટા પડે ત્યારે ધર્મના રક્ષણની ભલામણ કરતા. યોગીજીના જીવન-પ્રભાવ-વિચારથી પ્રભાવિત અને પરિવર્તન પામેલા યુવાનોની ઈચ્છાથી ઉચ્ચ શિક્ષણ પામેલા એકાવન (૫૧) નવયુવાનોને યોગીજી મહારાજે ત્યાગી (સાધુ)ની દીક્ષા આપી હતી.

યોગીજી મહારાજે ગામડે-ગામડે મંદિરોનું બાંધકામ, સત્સંગમંડળો, જ્ઞાનશિબિરો કરી હતી. તેમણે 'અમૃતપર્વ' નામનો સ્મારક ગ્રંથ અને 'યજ્ઞપુરુષ સ્મૃતિ' જેવા ગ્રંથો પ્રગટ કરાવ્યા હતા. શાસ્ત્રીજી મહારાજનો જન્મશતાબ્દી મહોત્સવ ઉજવ્યો હતો. શ્રી સ્વામિનારાયણ 'સત્સંગ પત્રિકા'ની શરૂઆત કરી હતી. મુંબઈમાં સંસ્કૃતના અભ્યાસ માટે પાઠશાળા સ્થાપી હતી. 'યોગીગીતા'માં યોગીજી મહારાજે પોતાના જીવનનાં આચરણ દ્વારા ઉપદેશનાં મોતી આપ્યાં છે. આમ સેંકડો હરિમંદિરો, જ્ઞાનશિબિરો, નવા સત્સંગી કરી સત્સંગની પ્રવૃત્તિનાં બીજ સ્થાપ્યાં હતાં અને સત્સંગની પ્રવૃત્તિને વેગવંતી બનાવી વિકાસ કર્યો હતો.

તેમની આ પ્રવૃત્તિ માત્ર ભારત પૂરતી સીમિત રહેતી નથી. પરંતુ આફ્રિકા, લંડન, કેનેડા, અમેરિકા જેવા દેશોમાં પણ સત્સંગનાં બીજ રોપણ કરી સત્સંગની સુવાસ વિશ્વકક્ષાએ ફેલાવી હતી. જ્યારે તેઓ ભારત પરત ફરે છે ત્યારે તેમનાં યશોગાન, સ્વાગત અને અભિવાદન કરવામાં આવે છે. તેમનાં કાર્યો પૂર્ણ થાય છે. અચાનક માંદગી ગ્રહણ કરે છે અને મુંબઈ સારવાર માટે લઈ જવામાં આવે છે. પરંતુ સંવત ૨૦૨૭ પોષ વદ અગિયારસ, ૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ 'જય શ્રી સ્વામિનારાયણ !' કહી સ્વતંત્ર થકા સ્વધામ પધારે છે.

સર્વનું કલ્યાણ અને શ્રેષ્ઠ પ્રદાન કરવાના અર્થે પોતાનું જીવન સમર્પિત કરનારા ધારીમાં પ્રગટ યોગીજી મહારાજ જેમના નામ પર આપણી ધારી ગામમાં આવેલી કૉલેજ યોગીજી મહારાજ મહાવિદ્યાલય ઓળખાય છે એવા યોગીજી મહારાજ કે જેમનું શબ્દગત વર્ણન ન થઈ શકે એવા નિઃસ્પૃહી સંતને નમન કરતાં એટલું કહીએ કે...

"ધન્ય છે આ પાવન ધરા ધારીની,
જેમાં અવતર્યા યોગીજી જેવા સંત;
ધારી જેણે સ્વામિશ્રીજી અંગોઅંગ,
કર્યાં આત્યંતિક કલ્યાણ મુમુક્ષુનાં અનંત !"

◆